# External Affairs Minister's meeting with State Councilor and Foreign Minister of China, H.E. Mr. Wang Yi on the sidelines of G20 Foreign Ministers’ Meeting

## જી20 વિદેશ મંત્રીઓની મીટિંગનાં અંતરાલમાં ચીનનાં વિદેશ મંત્રી અને સ્ટેટ કાઉન્સિલર મહામહિમ શ્રીમાન વાંગ યી સાથે ભારતનાં વિદેશ મંત્રીની મીટિંગ

07 જુલાઈ, 2022

જી20 વિદેશ મંત્રીઓની મીટિંગનાં અવકાશમાં 07 જુલાઈ 2022 નાં રોજ ઈન્ડોનેશિયામાં બાલીમાં ભારતનાં વિદેશ મંત્રી ચીનનાં વિદેશ મંત્રી અને સ્ટેટ કાઉન્સિલર વાંગ યી ને મળ્યા હતા.

2. વિદેશ મંત્રીએ પૂર્વીય લદ્દાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા પર તમામ પડતર મુદ્દાઓનું વહેલાસર નિરાકરણ લાવવા માટે આહ્વાન કર્યું હતું. કેટલાક ઘર્ષણ ક્ષેત્રોમાં નિવૃત્તિ હાંસલ થવાની વાત યાદ કરતા, વિદેશ મંત્રીએ સીમા ક્ષેત્રોમાં શાંતિ અને સુલેહના સ્થાપિત કરવા માટે બાકી રહેલા તમામ ક્ષેત્રોમાં સંપૂર્ણ નિવૃત્તિનો વેગ જાળવી રાખવાની જરૂરીયાતનું પુનઃઉચ્ચારણ કર્યું હતું. તેઓએ તેઓની અગાઉની વાતચીતો દરમિયાન બન્ને નેતાઓ વચ્ચે થયેલા દ્વિપક્ષીય કરારો અને પ્રોટોકોલ્સ અને થયેલી સમજૂતિઓનું સંપૂર્ણ રીતે પાલન કરવાની અગત્યતાની પુનઃપુષ્ટિ કરી હતી. આ બાબતમાં, બંન્ને મંત્રીઓએ પુષ્ટિ કરી હતી કે બન્ને પક્ષોનાં મિલિટ્રી અને રાજદ્વારી અધિકારીઓએ નિયમિત સંપર્ક જાળવવાનું ચાલુ રાખવું જોઈએ અને વહેલાસર તારીખ પર સીનિયર કમાન્ડરોની બેઠકનાં આગામી રાઉન્ડની આશા રાખી રહ્યા છે. વિદેશ મંત્રીએ પુનઃઉચ્ચારણ કર્યું હતું કે ભારત-ચીન સંબંધ ત્રણ પારસ્પરિક બાબતો – પરસ્પર આદર, પરસ્પર સંવેદનશીલતા અને પરસ્પરનાં હિતોનું પાલન કરવાથી શ્રેષ્ઠ રહે છે.

3. વિદેશ મંત્રીએ માર્ચ 2022 માં દિલ્હીમાં મહામહિમ શ્રીમાન વાંગ યી સાથેની તેઓની મીટિંગ યાદ કરી હતી અને વિદ્યાર્થીઓ પરત લાવવા સહિત ત્યારે ચર્ચા કરવામાં આવેલા કેટલાક મહત્વનાં મુદ્દાઓમાં થયેલી પ્રગતિની સમીક્ષા કરી હતી. વિદેશ મંત્રીએ વિદ્યાર્થીઓને વહેલાસર તારીખ પર પરત કરવાની પ્રક્રિયા ઝડપી કરવા અને સગવડતા પ્રદાન કરવા માટેની જરૂરીયાત પર ભાર મૂક્યો હતો.

4. બન્ને મંત્રીઓએ અન્ય પ્રાંતીય અને વૈશ્વિક વિકાસો પર પણ દ્રષ્ટિકોણોનું આદાનપ્રદાન કર્યું હતું. ચીનનાં વિદેશ મંત્રી મહામહિમ વાંગ યી એ આ વર્ષે ચીનની BRICS ની અધ્યક્ષતા દરમિયાન ભારતનાં સમર્થનની પ્રશંસા કરી હતી અને ભારતની આગામી જી20 અને SCO અધ્યક્ષતા માટે ચીનનાં સમર્થનની ખાતરી આપી હતી. તેઓ સંપર્કમાં રહેવા સંમત થયા હતા.

**બાલી**
**07 જુલાઈ, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.